**647510** **0101201E2042** **Seat No: ___________**

# B.A. Semester - 2 (CBCS) Examination
## March/April- 2019 (Old Course)
## GUJARATI : P4 SARJAN LEKHAN KAUSHAL-2
## (ELECTIVE-2)

**Time: 2:30 Hours** **Marks: 70**

**Instructions:**
1. All questions are compulsory.
2. Figures to the right indicate marks.

---

પ્રશ્ન-૧ નીચેના ગદ્યખંડનું વિવરણ કરો. (૧૪)

"વાસ્તવની સામગ્રી કલાજગતમાં આવતાં એમાં એક પ્રકારની વ્યવસ્થા આવે છે; અને ચોક્કસ પરિમાણ મળે છે; અવ્યવસ્થિત સપ્રમાણને અસ્પષ્ટ સ્પષ્ટરેખ બને છે. કલાનાં પાત્રમાં મુકાતાં જ એને આકારને પ્રયોજન મળે છે. જગતમાં ને જીવનમાં બધું સુંદર નથી, બધું આનંદકર નથી. આપણા અનુભવો, વસ્તુ જગતનાં સંસ્પર્શથી આપણામાં જન્મતી લાગણીઓ કલેશકર પણ હોય છે. આ બધાની કલામાં જ્યારે સાર્થકતા પ્રગટ થાય છે ત્યારે એ રમણીય અને આનંદકર કે અનુકૂલવેદનીય બને છે. જીવન અને જગત તરફ પણ આપણે નવી રીતે વિસ્મયથી જોતા થઇએ છીએ. વસ્મયના આ અનુભવમાં સૌંદર્ય અને આનંદનાં તત્વો રહેલા હોય છે. મનુષ્યચિત્તમાં રહેલા સ્થાયી ભાવો કલાકૃતિમાં રસરૂપે અનુભવાય છે એમ કાવ્યમીમાંસકો કહે છે ત્યારે તેઓ આ જ પ્રક્રિયાને પરિણામનું સૂચન કરે છે."

-જયંત પાઠક

અથવા

પ્રશ્ન-૧ "જ્યારે હું અહિંસાનો વિચાર કરવા માંડું છું ત્યારે મને ગીતાનું એક વચન યાદ આવે છે. ભગવાને કહ્યું છે કે, આખી દુનિયા સત્ અને અસત્ બન્ને તત્વોથી બની છે. એ બંને ભગવાનની વિભૂતિઓ છે. એવી જ રીતે જીવનતમાં હિંસા અને અહિંસા બંનેને સ્થાન છે. પણ બંનેમાં ભેદ એ છે કે, હિંસાને જીવનમાં સ્થાન હોવા છતાં જીવનની કૃતાર્થતા એમાં નથી. હિંસાને સ્થાન મળેલું હોવા છતાં જીવનમાં તેનું સમર્થન કરી શકાતું નથી. હિંસા એ જીવનની એક વાસ્તવિકતા છે. જ્યારે અહિંસા તો જીવનનો ધર્મ છે. હિંસા કોઇ કોઇ વખત જીવનને નિભાવે છે, જ્યારે અહિંસા તો જીવનની પરિપૂર્ણતા છે." -મહાત્મા ગાંધીજી

પ્રશ્ન-૨ નીચેના ગદ્યખંડનું સંક્ષેપીકરણ કરો. (૧/૩ ભાગમાં યોગ્ય શીર્ષક) (૧૪)

"ગ્રંથ લખવો એ વધારે કઠણ છે કે ગ્રંથની પરીક્ષા કરવી એ વધારે કઠણ કામ છે એ પ્રશ્નનું નિરાકરણ કરવું હોય, અને ગ્રંથપરિક્ષા એટલે ગ્રંથનાં દોષ બતાવી આપવા એટલું જ હોય, તો તે ગ્રંથ પરીક્ષાનું કામ પ્રમાણમાં ઘણું સહેલું છે એ ઉત્તરમાં ઘણી સત્યતા છે, કારણ પંચતંત્રમાની ડહાપણડાહીલી ચકલીને વાનરે કહયું હતું કે, 'રાંડ, ઘર બાંધતા તો મને નથી આવડતું પણ ભાંગતા તો બહુ સારુ આવડે છે તે તને દેખાડું છું.' એ શાસ્ત્ર ગ્રંથપરીક્ષામાં પણ સુસાધ્ય છે. પણ આ દેશનાં તેમ પરદેશનાં સર્વ વિદ્વાનોનો મત એવો છે કે ગ્રંથપરીક્ષા એટલે ગ્રંથમાં સારૂં શું તે જાણવું અને જણાવવું. ગ્રંથમાં તો શું પણ સર્વત્ર પરીક્ષાનો એક જ હેતુ છે કે ફલાણાએ શું કામ કર્યું તે જોવું; શું કામ કર્યુ એટલે શું સારૂં કામ કર્યું; કોઇએ શું કામ નથી કર્યુ એની પરીક્ષા હોતી નથી. કોઇએ કેટલું નઠારૂં કર્મ કર્યુ એટલે જ માત્ર જોવા જવું એવી પરીક્ષા કોઇ સુપરીક્ષક માથે લેતો નથી. ફૂલોની સુવાસનાં જોનાર હોય છે. દુર્ગંધ શોધનાર અભાગિયા હોતા નથી. ગ્રંથ પરીક્ષક એ ગ્રંથરૂપ પુષ્પોનો ભોગી ભ્રમર છે. તે સ્થળે સ્થળેથી પરાગ અને મધુનાં પરમાણું શોધી કાઢી તેનો સંચય કરે છે; અને એના રચેલા મધપુડાઓનું મધ તેને પોતાને તેમજ અન્ય લોકોને કામ લાગે છે. ગ્રંથનાં ગુણની પરીક્ષા કરવી, એ ગુણનો જાતે ઉપભોગ કરી આનંદ

અનુભવવો, અને એ આનંદ પામવા ગ્રંથનાં વાંચનારાઓને સમર્થ કરવા, પોતે સુરસ અન્ન જમવું અને બીજાને જમાડવા આ આનંદની ઉજાણી આપવી, એજ ગ્રંથપરીક્ષકનો અભિલાષ હોય છે, એ અભિલાષ જેને ન હોય તે પરીક્ષક જ નથી.'' -ગોવર્ધનરામ ત્રિપાઠી.

અથવા

પ્રશ્ન-૨ ''ગાંધીજીએ મીઠાના સત્યાગ્રહ માટેની કૂચ આરંભી ત્યારે આખા દેશની પ્રજામાં અન્યાય સામે ન્યાયબુદ્ધિથી ઉપજેલો ક્રોધ નિકળ્યો. મનુષ્યનો સાગર જેવો વિશાળ સમુદાય ઠેરઠેર એમના સ્વાગત માટે ઉમટતો. અન્યાય અને જુલમની સામે અડગ રહેવાની આંતરિક શક્તિવાળા, ચુસ્તપણે શિસ્ત પાળનારા, પ્રાણ જાય તો ભલે જાય તેવી ભાવનાવાળા થોડાક સત્યાગ્રહીઓને લઇને એ આગળ વધા હતા. પ્રભાતના સમયે દેશપ્રેમનાં ગીતો ગાતાં ગાતાં અનેક લોકોનાં સરઘસો ગામેગામ નીકળતાં હતાં. તે સમયે દેશપ્રેમનાં જલદ લખાણોવાળું એક છાપું છૂપી રીતે બહાર પાડવાની કામગીરી હું સંભાળતો હતો. દાંડીના દરિયાકિનારે મીઠું પકવવાની ક્યારીઓ સુધી પહોંચતાં પહોંચતામાં તો સરકારનાં માણસો, સત્યાગ્રહીઓ પર છૂપો હુમલો કરશે એવી બધાને બીક હતી. પણ કશી ફિકર રાખ્યા વિના માત્ર ઇશ્વરમાં અડગ વિશ્વાસના જોરે ગાંધીજી દાંડી પહોંચી ગયા. ખરૂં શું છે અને ખોટું શું છે તે સમજવાની શક્તિના અભાવવાળા, કોઇના દોરીસંસાર પ્રમાણે જ કામ કરવા ટેવાયેલા અને સરકારના જોરે અભિમાન દાખવતા પોલીસોએ લાઠીઓના બેસુમાર મારનો વરસાદ વરસાવ્યો. કેટલાકે વતનને ખાતર પ્રાણની આહૂતિ આપી હશે છતાં આ બહાદુરોએ મીઠાનો કાયદો તોડ્યો જ. નમક સત્યાગ્રહ સમયનાં આ બધાં સ્મરણો ક્યારેય ભૂલી શકાય એમ નથી.'' -સ્નેહરશ્મિ.

પ્રશ્ન-૩ (અ) નીચેના ગદ્યખંડમાં યોગ્ય વિરામચિહ્નો મૂકી ગદ્યખંડ ફરીથી લખો. (૦૭)

''વાર્તા સાંભળવાનાં લોભમાં ઊંઘને પણ પાછી હડસેલતા એક વાર્તા પૂરી થાય એટલે હવે બીજી એમ માંગણી કરતાં હોઇએ ત્યારે ચતુર ડોસીમા શરૂ કરે એકવાર રાજકુંવર રાજકુંવરીને કહીને ગયો કે આવતા વર્ષે વરસાદ પડે અને તું દસ ટીપાં ગણે એ પહેલાં તો હું આવી પહોંચીશ રાજકુંવરી તો આકાશ ભણી મીંટ માંડીને બેઠી એક દિવસ એક કાળું વાદળું દેખાયું એક ટીપું વડનાં પાંદડાં પર પડ્યું ટપ આમ ટપટપ ટપ ટીંપાં પડ્યે જ જાય રાજકુંવરીની આંખમાંથી આંસુ ટપક્યે જ જાય ટપ ટપ ટપ ને અમારી આંખોમાં નિદ્રા ટપકતી જાય ટપ ટપ ટપ.''

અથવા

નીચેનામાંથી કોઇપણ સાત વાક્યમાં યોગ્ય વિરામચિહ્નો મૂકી વાક્ય ફરીથી લખો.

(૧) દશરથ રાજાને ત્રણ રાણી કૌશલ્યા સુમિત્રા અને કૈકેયી

(૨) ભગવાન બુદ્ધ કહે છે અહિંસા પરમ ધર્મ છે

(૩) અહીં ગંદકી કરવી નહિ કરનારને ભારે સજા થશે

(૪) નર્મદની આત્મકથા મારી હકીકત તમે વાંચી છે

(૫) વ્યાયામ યોગ કે કસરતનો મુખ્ય હેતુ એક છે શારીરિક માનસિક વિકાસ

(૬) ખેલ ખલાસ થયો ભેગા થયેલા લોકો વીખરાઇ ગયા

(૭) હવે તમને કેમ લાગે છે માથું દુઃખે છે

(૮) પત્ર લખ્યા તારીખ છે ૦૧ ૦૪ ૨૦૧૯

(૯) હીના રડી પડતી વાહ રે પિતા શી તટસ્થા

(૧૦) તે કવિતા અને બુદ્ધિપ્રકાશ નામના સામયિક વાંચે છે

પ્રશ્ન-૩ (બ) નીચેના સમાસનાં વિગ્રહ કરી ઓળખાવો. (કોઇપણ સાત) (૦૭)

| | |
|---|---|
| (૧) હાથ ચાલાકી | (૬) માયાજાળ |
| (૨) નફો તોટો | (૭) દુઃખદ |
| (૩) મોહક | (૮) ચંદન ડાળ |
| (૪) વરદાન | (૯) દેશ-વિદેશ |
| (૫) મયુર વાહિની | (૧૦) સ્થિતપ્રજ્ઞ. |

પ્રશ્ન-૪ (અ) નીચેનામાંથી કોઇપણ સાત રૂઢિપ્રયોગનાં અર્થ આપી તેનો વાક્યમાં પ્રયોગ કરો. (૦૭)

| | |
|---|---|
| (૧) અડ્ડો જમાવવો | (૬) નાક જવું. |
| (૨) આંખ મીંચાઇ જવી | (૭) બારે મેઘ ખાંગા થવા. |
| (૩) કળ વળવી | (૮) હબકી જવું. |
| (૪) ઘોળીને પી જવું. | (૯) વારી જવું. |
| (૫) છક્કા છૂટી જવા. | (૧૦) પેટમાં સમાવવું. |

પ્રશ્ન-૪ (બ) નીચે આપેલી કહેવતોનાં અર્થ આપો. (કોઇપણ સાત) (૦૭)

(૧) એક પંથ દો કાજ.
(૨) ઘરકી મુરઘી દાલ બરાબર.
(૩) હૈયું બાળવા કરતાં હાથ બાળવા સારા.
(૪) સાપને ઘેર પરોણો સાપ.
(૫) મુંખમાં રામ અને બગલમાં છરી.
(૬) ભેંસ આગળ ભાગવત.
(૭) બાવાનાં બેય બગાડવા.
(૮) પાણી પહેલાં પાળ બાંધવી.
(૯) જાગ્યા ત્યારથી સવાર.
(૧૦) ખાડો ખોદે તે પડે.

પ્રશ્ન-૫ નીચેનાં ચાર પૈકી કોઇપણ બે પ્રશ્નનાં મુદ્દાસર જવાબ આપો. (૧૪)

(૧) ગદ્યખંડનું વિવરણ કરતી વખતે કઇ બાબતો ધ્યાનમાં રાખશો?
(૨) દ્વન્દ્વ સમાસ ઉદાહરણ સાથે સમજાવો.
(૩) ઉદ્દગાર ચિહ્ન, અવતરણ ચિહ્ન અને અલ્પવિરામ વિશેની સમજ ઉદાહરણ સાથે સમજાવો.
(૪) રૂઢિપ્રયોગોની લાક્ષણિકતાઓ.

**********************************